ISSN 2454-8596
www.MyVedant.com

An International Multidisciplinary Research E-Journal

# ગુજરાત રાજયની મહિલા વિકાસ યોજનાઓ અને તેના સૂચિતાર્થો

**ડૉ.હર્ષિદા જી. જગોદડીયા**

**આસિસ્ટન્ટ પ્રોફેસર.**

**અર્થશાસ્ત્ર-વિભાગ**

**ધર્મેન્દ્રસિંહજી આર્ટ્સ કોલેજ – રાજકોટ**

**સારાંશ :**

સમગ્ર વિશ્વમાં લગભગ પચાસ ટકા વસ્તી મહિલાઓ છે. આજે તમામ ક્ષેત્રમાં મહિલાઓ આગળ આવી રહી છે, હરણફાળ ભરી રહી છે. જ્ઞાન, કલા, રમતગમત, સાહિત્ય, રાજકારણ એવું કોઈ ક્ષેત્ર નથી જયા મહિલાઓ અગ્રીમ હરોળમાં ન હોય. આમ છતાં એ પણ વાસ્તવિકતા છે કે આવી મહિલાઓનું પ્રમાણ ઘણું ઓછું છે. ભારત જેવા દેશમાં સ્ત્રીઓને જન્મ લેવાથી માંડીને વિવિધ બાબતોમાં સંઘર્ષ કરવો પડે છે. આથી મહિલાઓને તેમના વિવિધ અધિકારો આપવા અને તેમને ગૌરવ પૂર્ણ જીવન આપવા વિવિધ યોજનાઓ દાખલ કરવાની જરૂરિયાત ઉભી થઈ છે. પ્રસ્તુત પેપરમાં ગુજરાત રાજ્યમાં મહત્વની મહિલા વિકાસ યોજનાઓનો પરિચય આપવામાં આવ્યો છે. તેમજ વર્તમાન કોવિડ-19 વૈશ્વિક મહામારીથી ઉભી થયેલી આર્થિક સ્થિતિના પડકારોને પહોંચી વળવામાં આ યોજનાઓની અસરકારતા તપાસવા પ્રયત્ન કરવામાં આવ્યો છે.

**પ્રસ્તાવના :**

ભારતીય સંવિધાન મુજબ દેશમાં સ્ત્રી અને પુરુષ સમાન નાગરિક દરજ્જો ધરાવે છે. આમ છતાં એ પણ વાસ્તવિકતા છે કે સમાજમાં અનેક ક્ષેત્રોમાં મહિલાઓને અસમાનતાનો સામનો કરવો પડે છે. જાતિ-પ્રમાણ (સ્ત્રી-પુરુષનું પ્રમાણ), સામાજિક માળખું, ઘરે અને કામના સ્થળે જાતીય હિંસા, શિક્ષણનું નીચું પ્રમાણ, આરોગ્ય અને પોષણનો અભાવ, આમ અનેક મોરચે મહિલાઓએ સહન કરવું પડે છે. ગુજરાત રાજયએ મહિલાઓને સુરક્ષિત અને જાગૃત્ત બનાવવા જેન્ડર ઈક્વાલિટી પોલીસી(જીઈપી) ઘડી છે. મહિલા અને બાળવિકાસ વિભાગે મહિલા અને બાળકોની સ્થિતિ સુધારવા માટે યોજનાઓને અમલી બનાવી છે. રાજય સરકારનો મહિલા અને બાળવિકાસ વિભાગ મહિલા અને બાળકોના કલ્યાણ, સશક્તિકરણ અને ઉદ્ધાર માટે વિવિધ યોજનાઓ ચલાવે છે. આ યોજનાઓ સંકલિત બાળ વિકાસ સેવા અને સંકલિત મહિલા વિકાસ સેવાના નેજા હેઠળ ચાલે છે. પ્રસ્તુત પેપરમાં ગુજરાત સરકારની મહિલા સંદર્ભની વિવિધ યોજનાઓ પૈકી કેટલીક મહત્વની યોજનાઓનો પરિચય આપવામાં આવ્યો છે. તેમજ તેના આર્થિક સૂચિતાર્થો તારવવામાં આવ્યા છે.

**(1) બેટી બચાવો (સેવ ધ ગર્લ ચાઈલ્ડ) :**

ગુજરાત રાજય અનેક બાબાતોમાં દેશનું પ્રગતિશીલ રાજય હોવા છતાં જાતિ પ્રમાણની બાબતમાં ગૌરવ લઈ શકે તેમ નથી. ગુજરાતમાં જાતિ પ્રમાણ (દર એક હજાર પુરુષે સ્ત્રીઓની

સંખ્યા) 2001 માં 954 હતું તે ઘટીને 2011 માં 920 થયું છે. ગુજરાત રાજ્યમાં અને સમગ્ર દેશમાં જાતિ પ્રમાણમાં વર્ષોથી અસમતુલા જોવા મળે છે. આ બાબતને ધ્યાનમાં રાખીને ગુજરાત સરકારે વર્ષ 2005ના વિશ્વ મહિલા દિવસથી આ યોજનાનો પ્રારંભ કર્યો છે. જે સ્ત્રી બાળકના જન્મને અટકાવતા પરિબળો સામે અનેકવિધ પગલાં લે છે. મહિલાઓને જન્મ લેતા પહેલાં જ ભેદભાવ થાય તે પરિસ્થિતિને દૂર કરવા અનેકવિધ સંકલિત પ્રયાસો છે. આ એક ઝુંબેશ છે, જે આ સંવદનશીલ મુદ્દે સમાજનો દ્રષ્ટિકોણ બદલવામાં મહત્વની ભૂમિકા ભજવી રહી છે. બેટી બચાવો યોજના જાતિ-પ્રમાણની વધતી અસમતુલાને રોકવા માટેનો એક સંકલિત પ્રયાસ છે. આ યોજનાનું વિસ્તૃત સ્વરૂપ કહી શકાય તેવી યોજના મહિલા અને બાળ વિકાસ મંત્રાલય, સ્વાસ્થ્ય મંત્રાલય અને પરિવાર કલ્યાણ તેમજ માનવ સંસાધન વિકાસના સંયુક્ત પ્રયાસો દ્વારા 'બેટી બચાવો, બેટી પઢાઓ' યોજનાની શરૂઆત ૨૨, જાન્યુઆરી 2015 માં શરુ કરવામાં આવી છે. સમાજમાં સ્ત્રી-પુરુષની અસમાનતા અનેક પ્રકારના પ્રશ્નો ઉભા કરે છે. આથી આ યોજના સમાજનો દ્રષ્ટિકોણ બદલવામાં સફળ થાય તો તેના અનેક પ્રકારના લાભો પ્રાપ્ત થશે.

**(2) બાલિકા સમૃધ્ધિ યોજના અને સરસ્વતી સાધના યોજના :**

કોઈ પણ રાષ્ટ્રને આગળ લઈ જવામાં શિક્ષણનું મહત્વ ઘણું છે. ભારતમાં પુરુષોની તુલનામાં મહિલાઓનો સાક્ષરતા દર ઘણો નીચો છે. ગુજરાત મહિલા શિક્ષણની બાબતમાં દેશના રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં 20મું સ્થાન ધરાવે છે. જે રાજ્યની પ્રગતિશીલ છબી સાથે બિલકુલ સુસંગત નથી. આ પરિસ્થિતિ બદલવા ગુજરાત સરકારે મહિલા શિક્ષણને પ્રોત્સાહન આપતી વિવિધ યોજનાઓ ઘડી છે જેમાં બાલિકા સમૃધ્ધિ યોજના અને સરસ્વતી સાધના યોજના સામેલ છે. ગુજરાત સરકારની નવતર પ્રયોગ સમાન આ બને યોજનાઓ મહિલાઓના શિક્ષણ સાથે સંકળાયેલ છે. બાલિકા સમૃધ્ધિ યોજનામાં કન્યાઓનો શાળા પ્રવેશ થાય અને તેનું શિક્ષણ સતત ચાલું રહે તે માટે પણ મહિલા અને બાળવિકાસ વિભાગ સતત પ્રયતનશીલ છે. કન્યાઓના બાળલગ્ન અટકાવવા તેમ જ સામાજિક- આર્થિક-શૈક્ષણિક રીતે પછાત કન્યાઓને સહાય કરવી એ મહિલા અને બાળવિકાસ વિભાગની પ્રાથમિકતા છે. 15 ઓગસ્ટ, સને 1997 પછી જન્મેલી બાળકીના કુટુંબને 500 રૂપિયા સહાય કરવામાં આવે છે. નેશનલાઈઝ બેન્કમાં અથવા પોસ્ટ ઓફિસમાં આંગણવાડી કાર્યકર્તાની મદદથી આ ખાતું ખોલી કન્યાને આર્થિક સહાય કરવામાં આવે છે. જ્યારે કન્યા શિક્ષણ મેળવતી થાય ત્યારે તેના ખાતામાં ત્રણસો રૂપિયા જમા થાય છે. આ ઉપરાંત કન્યાને 1000 રૂપિયાની

ISSN 2454-8596
www.MyVedant.com

An International Multidisciplinary Research E-Journal

સ્કોલરશીપ પણ આપવામાં આવે છે. જ્યારે કન્યા લગ્ન કરવાની ઉંમરે પહોંચે ત્યારે કન્યા આ રકમ મેળવવા હક્કદાર બને છે. આમ આ યોજના દ્વારા મહિલા શિક્ષણને પ્રોત્સાહન મળે છે. ગુજરાતે ડબલ્યુસીડીના સહયોગ દ્વારા એક નવી પહેલ કરી છે.

ગુજરાત સરકારે સરસ્વતી સાધના યોજના અંતર્ગત અનુસૂચિત જાતિઓ (Scheduled Casts)ની કન્યાઓ કે જેમને નવમું ધોરણ પાસ કર્યું હોય તેને મફત સાયકલ આપવામાં આવે છે. પરિણામે દૂર-દૂર થી શાળાએ ચાલીને આવતી કન્યાઓ સાયકલ થી આવ-જા કરી શકશે. જેથી સમયની બચત થશે અને કન્યાઓના શિક્ષણ પ્રત્યે જાગૃતિ વધશે. આ ઉપરાંત પ્રાથમિક તેમજ ઉચ્ચ શિક્ષણના વિદ્યાર્થીઓને આવાસ અને ભોજનની વ્યવસ્થા આપવામાં આવે છે. આ રીતે આ યોજના દ્વારા સરકાર સ્ત્રી-શિક્ષણ વધારવા માટે વિવિધ પ્રોત્સાહક પગલાંઓ લઈ રહી છે. સરકારે વિવિધ હેતુઓ માટે થતી નાણાકીય ફાળવણી અને તેનો વ્યાપ વધારવો જોઈએ. એવું થવાથી યોજનાની અસરકરતામાં વધારો થશે.

**(3) મહિલા સશક્તિકરણ માટેની સ્વંયસિદ્ધા યોજના :**

સશક્તિકરણ એક બહુ આયામી પ્રક્રિયા છે. તે મહિલાઓમાં એટલી જાગરૂકતા લાવે – શક્તિ પ્રદાન કરે કે તેનામાં સામાજિક બાબતો અને આર્થિક સંસાધનો પર નિયંત્રણ મેળવવાની શક્તિનો વિકાસ થાય. પોતાના નિર્ણયો લેવાની શક્તિ પ્રાપ્ત થાય, નિર્ણયમાં ભાગીદારી વધે. દેશની વસ્તીમાં લગભગ 50 ટકા મહિલાઓ છે. જો તેનું સશક્તિકરણ થાય તો રાષ્ટ્રનો વિકાસ પણ ઝડપી બને. ગુજરાત સરકારની મહિલા સશક્તિકરણ માટેની યોજના એટલે સ્વયં સિદ્ધા યોજના. આ યોજનાનો લાંબાગાળાનો ઉદ્દેશ મહિલાઓના સર્વાંગી વિકાસનો છે. આ ક્ષેત્રમાં ચાલતા કાર્યક્રમોનો લાભ મહિલાઓને મળે તે માટે તેમાં એકસૂત્રતા લાવી તેમનું સામાજિક, આર્થિક અને સાંસ્કૃતિક રીતે સશક્તિકરણ સધાય તે મુખ્ય ઉદ્દેશ છે. ગુજરાતનો મહિલા અને બાલવિકાસ વિભાગ ગ્રામીણ મહિલાઓમાં કરકસરની કળા વિકસાવી તેમને સ્વનિર્ભર બનાવવાની દિશામાં કાર્યરત છે. આ યોજનામાં મહિલાઓ જન-સમુદાય આધારિત સંશોધનો પર ધ્યાન કેન્દ્રિત કરે તેમ જ સંગઠન-શક્તિ અને સંગઠનના કામો કેવી રીતે કરી શકે તે અંગે તાલીમબદ્ધ કરવામાં આવે છે. 20 જિલ્લામાં 1760 ગામડાંઓમાં 43200 મહિલાઓ આ પ્રોજેક્ટમાં સહભાગી બની છે. તેમાં 2700 થી વધુ સહયોગીઓ તેમને મદદ કરી રહ્યા છે. આ યોજનાને કારણે ગ્રામીણ મહિલાઓ સમાજના મુખ્ય પ્રવાહમાં ભળતી

થઈ છે. આ યોજનાનો લાભ વધુ મહિલાઓ લેતી થાય તે માટેના અસરકારક પ્રયત્નો કરવાની આવશ્યકતા છે.

### (4) સખી મંડળ યોજના

આ યોજનામાં મહિલાઓને આજીવિકા મેળવવા માટે તાલીમ આપવામાં આવે છે. જેથી તે આત્મ નિર્ભર બનતા તેના જીવનની ગુણવત્તા સુધરે. મહિલા મંડળો સ્વયં સહાયતા બચત અને સમૂહ ઋણના સિદ્ધાંતો પર આધારીત છે, જે આર્થિક સેવા ઉપલબ્ધ કરાવે છે. જેને લીધે મહિલાના વિકાસની આર્થિક પ્રક્રિયામાં ઝડપી વધારો થાય છે અને તેમનામાં રહેલા કૌશલ્યોના વિકાસની સાથે સાથે તેમના આર્થિક વિકાસમાં પણ સહયોગી થઇ તેમના જીવન વિકાસમાં પ્રોત્સાહન મળે છે. ગુજરાત સરકારનું લક્ષ્ય આવા એક લાખ મંડળો ઊભાં કરવાનું છે. સખી મંડળથી તેમાં જોડાયેલી મહિલાઓને આવક પ્રાપ્ત થાય છે. આ ઉપરાંત તેના અનેક લાભો છે. આથી સરકારે સખી મંડળની સંખ્યા અને તેના વેતનમાં વધારો કરવો જોઈએ.

### (5) નારી અદાલત :

રાષ્ટ્રીય મહિલા આયોગ દ્વારા આપવામાં આવેલી માહિતી મુજબ દેશમાં દર મિનિટના અંતરે એક મહિલા અપરાધ અને દર 24 મિનિટે એક મહિલા યૌન શોષણનો ભોગ બને છે. દર 43 મિનિટે એક સ્ત્રીનું અપહરણ થાય છે. દર 54 મિનિટે એક મહિલા સાથે છેડછાડ કે બળાત્કારનો પ્રયાસ થાય છે. 102 મીનીટે એક મહિલા દહેજપ્રથાનો ભોગ બને છે. 50 ટકા સ્ત્રીઓ કામના સ્થળ પર જ યૌન શોષણનો ભોગ બને છે. તેમજ ઘરેલું હિંસા પણ ખૂબ મોટી સમસ્યા છે. મહિલાઓને મફત અને સક્ષમ કાનુની સલાહ મેળવવાનો હક્ક છે. મહિલાઓ તેના અધિકારો ભોગવી શકે અને અન્યાયનો ભોગ ન બને તે માટે સરકારે અનેક યોજનાઓ અમલમાં મૂકી છે, તેમાં એક નારી અદાલત છે. મહિલાઓ દ્વારા, મહિલાઓ માટે શરૂ કરવામાં આવેલ નારી અદાલતો ગુજરાતના 19 થી વધારે જિલ્લાઓમાં કાનૂની ન્યાય ક્ષેત્રે કામ કરી રહી છે. આ અદાલતો મહિલાઓને હિંસા, બળાત્કાર, છૂટાછેડા અને દહેજની માંગ જેવા વિષયો પર યોગ્ય અને ઝડપથી ન્યાય અપાવવા માટે કામ કરે છે. કાનૂની મંચના રૂપમાં સ્વયંસેવી સંસ્થાઓ ઝડપથી આ બધા કિસ્સાઓમાં પોતાની સકારાત્મક ભૂમિકા દ્વારા પરિણામલક્ષી પગલાંઓ ભરે છે. નાણાકીય વ્યય, સમય, કાનૂની પ્રક્રિયા, ઓછા

ISSN 2454-8596
www.MyVedant.com
VIDHYAYANA
An International Multidisciplinary Research E-Journal

સંસાધનોથી ઘેરાયેલી મહિલાઓને પહેલા ઉપેક્ષાનો સામનો કરવો પડતો હતો. જે હવે કરવો પડતો નથી. મહિલાઓના આત્મ સન્માન અને રક્ષણ સંદર્ભે આ ખૂબ મહત્વની યોજના છે.

**(6) સાત ફેરા સમૂહ યોજના અને કુંવરબાઇ મામેરું યોજના :**

ભારતીય સંસ્કૃતિમાં લગ્નનું સવિશેષ મહત્વ છે. લગ્ન સામાજિક ખર્ચનું કારણ બને છે. ગરીબ વર્ગના લોકોને લગ્ન સમયે થતાં ખર્ચમાં રાહત આપવા સરકારે આ યોજનાઓ અમલમાં મૂકી છે. સાત ફેરા સમૂહ યોજનામાં  સમૂહ વિવાહને ડબલ્યુસીડી દ્વારા આર્થિક સહાય કરવામાં આવે છે. જે અનુસૂચિત જાતિના લોકોની વાર્ષિક આવક રૂપિયા 11000 કરતાં ઓછી હોય, તેવા પાંચ કે તેથી વધુ જોડાને નર્મદા શ્રીનિધિ પ્રમાણપત્રના રૂપમાં રૂપિયા ૩૦૦૦/- આપવામાં આવે છે. સમૂહલગ્ન કાર્યક્રમમાં લગ્ન કરવાથી રૂપિયા 1000/- વધારાની સહાયતા કરવામાં આવે છે.

ગુજરાત સરકારે મહિલાઓના ઉત્કર્ષ માટે વિવિધ યોજનાઓ અમલમાં મૂકી છે. જેમાંની એક મહત્વપૂર્ણ યોજના કુંવરબાઈનું મામેરું નામની યોજના છે. આ યોજના અંતર્ગત રાજય સરકાર અનુસૂચિત જાતિઓ અને અનુસૂચિત જનજાતિઓની કન્યાઓના લગ્ન કરવા માટે નાણાકીય સહાય પુરી પાડે છે.  કુંવરબાઈ મામેરું યોજનામાં ડબલ્યુસીડી અનુસૂચિત જાતિના લોકોને પોતાની દિકરીના લગ્ન માટે આર્થિક મદદ આપવામાં આવે છે. જેમની વાર્ષિક આવક રુપિયા 11000 થી ઓછી હોય તેઓ પોતાની એક છોકરીના લગ્ન માટે રૂપિયા 5000 ની સહાય મેળવી શકે છે. રૂપિયા ૨૦૦૦ છોકરીના માતા-પિતા અને રૂપિયા ૩૦૦૦ કિસાન વિકાસપત્રના રૂપમાં છોકરીને આપવામાં આવે છે. આ રીતે સરકાર સામાજિક રીત રીવાજોમાં ગરીબ પરિવાર વધારે ગરીબ ન બને સાથે સાથે પોતાની જવાબદારી યોગ્ય રીતે પુરી કરવાનો આનંદ લઈ પણ લઈ શકે તેવી આ મહત્વની યોજના છે.

**(7) કિશોરી શક્તિ યોજના- કિશોરાવસ્થા, શક્તિ અને જાગૃતિ યોજના :**

આ યોજનાનો અમલ  આંગણવાડી કેન્દ્ર મારફત  કરવામાં આવે છે. આ યોજનાનો ઉદ્દેશ કિશોરીઓને સ્વવિકાસની તક પુરી પાડી કુપોષણમાંથી બહાર કાઢવાનો તેમ જ જાતિયતાના કારણે તેમણે ભોગવવી પડતી તકલીફોમાંથી મુક્તિ અપાવવાનો છે. દેશમાં કુપોષણ એક મોટી સમસ્યા છે તેમજ દેશના આર્થિક વિકાસ પછી પણ અનેક બાબતોમાં જાતિગત ભેદભાવો જોવા મળી રહ્યા છે. એ સંદર્ભે આ યોજના એક ઉચિત પ્રયત્ન ગણાવી શકાય.

**(8) વિધવા સહાય અને તાલીમ યોજના:**

આ યોજના ગુજરાત રાજયની વિધવા મહિલાઓની સહાયતા હેતુ માટે મહિલા અને બાળ વિકાસ મંત્રાલય દ્વારા શરુ કરવામાં આવી છે. પતિના મૃત્યુબાદ મહિલા માટે જીવન વ્યતિત કરવું ખૂબ મૂશ્કેલ બંને છે અને આર્થિક મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે. જેથી અસહાય મહિલાઓની વિકટ પરિસ્થિતિને ધ્યાનમાં લઈ ગુજરાત સરકાર દ્વારા પેન્શનના રૂપમાં નાણાકીય સહાય આપવામાં આવે છે. આ યોજનાનો મુખ્ય ઉદ્દેશ ગરીબ, અસહાય એન જરૂરિયાતવાળી વિધવા મહિલાઓને નાણાકીય સહાય કરવાનો છે. જેથી આવી મહિલાઓ સરળતાથી પોતાનું જીવન વિતાવી શકે. આ યોજનામાં 18-40 વર્ષની અસહાય કે વિધવા મહિલાઓ માટેની છે. આ યોજના એવી મહિલાઓ માટે છે કે જેના પર પોતાના કે પોતાના કુટુંબના જીવન નિર્વાહની તમામ જવાબદારી છે અને આજીવિકા માટે કોઈ સાધન નથી. આ યોજનાથી આ વર્ગની મહિલાઓને પોતાનું જીવન ટકાવી રાખવા અને પોતાના પર આધારિત સભ્યોની લઘુતમ જરૂરિયાતો પુરી કરવામાં મદદ મળે છે.

**(9) ચિરંજીવી યોજના:**

ચિરજીવી યોજનાની શરૂઆત કેંદ્ર સરકાર દ્વારા વર્ષ 2005માં અને ગુજરાત રાજયમાં 8-સપ્ટેમ્બર, 2006 થી અમલમાં મુકવામાં આવી છે. આ યોજનાનો મુખ્ય ઉદ્દેશ માતૃત્વ મૃત્યુદર ઘટાડવાનો છે. આ યોજનાનો મહત્વનો હેતુ નાના બાળકો અને સગર્ભા માતાઓને પૂરક પોષણ મળી રહે તે પણ છે. સગર્ભા માતાઓ અને કિશોરીઓને 600 કેલરી અને 18 થી 20 ગ્રામ પ્રોટીન મળે તેવો આહાર આપવામાં આવે છે. આ યોજના અંતર્ગત સરકારે માન્ય કરેલ ખાનગી દવાખાનામાં પ્રસુતિ માટે જનાર પ્રસુતા માતાને વાહન ભાડું (શહેરી વિસ્તારમાં ૧૦૦ રૂપિયા અને ગ્રામ્ય વિસ્તારમાં 200 રૂપિયા) રોકડ સ્વરૂપે દવાખાના દ્વારા આપવામાં આવે છે. જેથી નિષ્ણાંત તબીબી નીચે થતી પ્રસુતીઓનું પ્રમાણ વધે અને માતા અને શિશુ મૃત્યુદરનું પ્રમાણ ઘટાડી શકાય.

દર વર્ષે ગુજરાતમાં 12 લાખ નવજાત શિશુનો જન્મ થાય છે. દેશમાં અને ગુજરાત રાજયમાં બાળ મૃત્યુદર ઉંચો છે. ગરીબી રેખા નીચે જીવતી માતાઓને પ્રસુતિના સમયે આર્થિક અને સામાજીક કારણોસર ઘણી ખરાબ સ્થિતિનો સામનો કરવો પડે છે. ચિરંજીવી યોજના આવી માતાઓની સહાય માટે અમલમાં લાવવામાં આવી છે. તેમના માટે આર્થિક સહાય, સુરક્ષા, યાત્રા ભથ્થું, સ્વાસ્થ્ય કેન્દ્ર

ISSN 2454-8596
www.MyVedant.com

VIDHYAYANA

An International Multidisciplinary Research E-Journal

જેવી સુવિધા સરકાર દ્વારા આપવામાં આવે છે. આ યોજના દ્વારા બાળ અને માતા મૃત્યુદરમાં ઘટાડો થવાની સાથે સાથે તંદુરસ્ત જીવનની સંભાવના વધે છે.

**(10) કૃષિ તાલીમ યોજના**:

ભારત ખેતીપ્રધાન દેશ છે. દેશની અંદાજે 50 ટકા વસ્તી આજે પણ કૃષિ અને સંલગ્ન ક્ષેત્રોમાંથી રોજગારી મેળવે છે. તેમાં મહિલાઓ પણ બરાબરની ભાગીદાર છે. અનેક કારણોસર દેશમાં કૃષિ સાથે સંકળાયેલા લોકોની આવકો અત્યંત નીચી છે. આ યોજના મહિલા ખેડૂત કે ખેડૂત પત્નીઓને આર્થિક વિકાસમાં ભાગીદાર બનાવવામાં આવે છે. આ મહિલાઓને પ્રશિક્ષણ માટે છાત્રવૃત્તિ અને પરિવહન ભથ્થાં આપવામાં આવે છે.

**સમાપન:**

ગુજરાત સરકારે મહિલાઓના રક્ષણ માટેની વિવિધ યોજનાઓ હાથ ધરી છે. યોજનાઓનો વ્યાપ જોતાં કહી શકાય કે ગુજરાત સરકારે તમામ વય જૂથ અને તમામ શૈક્ષણિક સ્તરની મહિલાઓ માટે વિવિધ નીતિઓ અમલમાં મૂકી છે. દરેક યોજના તેના મૂળ રૂપે સામાન્ય રીતે લાભકારક જ હોય છે. પરંતુ તેની સફળતાનો આધાર તેના અસરકારક અમલ અને હેતુઓ માટે થતી નાણાકીય ફાળવણી પર રહેલો હોય છે. આ તમામ યોજનાઓમાં નાણાકીય સહાય અને અસરકારક અમલની બાબતમાં અસરકારકતા આંક ઓછો હોવાની સંભાવના છે. આમ છતાં એટલું જરૂર કહી શકાય કે લગભગ તમામ સ્તરની મહિલાઓને એક કે બીજા પ્રકારનો લાભ મેળવવામાં સહાયરૂપ બની શકે છે. વિવિધ યોજનાઓને કારણે મહિલાઓનું સશક્તિકરણ થવાની સંભાવના રહેલી છે. તેમજ અત્યંત ગરીબ મહિલાઓને લાભ થવાથી તેની સ્થિતિમાં સુધારો થવાની પણ સંભાવના પણ રહેલી છે. આ યોજનાઓ દ્વારા થતાં લાભોનું સમયાંતરે મૂલ્યાંકન કરતું રહેવું જોઈએ અને નાણાકીય ફાળવણી સહિતના ઉચિત પગલાંઓ ભરતા રહેવા જોઈએ.

VIDHYAYANA

**સંદર્ભ :**

(i) સામાજિક આર્થિક સમિક્ષા 2015-16 ગુજરાત રાજય, અર્થશાસ્ત્ર અને આંકડા નિયામકની કચેરી, ગાંધીનગર.

(ii) શ્યામલ કિશોર, અનુપસિંહ “મહિલા સશક્તીકરણ : એક સમેકિત દ્રષ્ટિ “રીગલ પબ્લીકેશન –ન્યુ દેલ્હી 2010.

(iii) પટેલ રમેશભાઇ ચુનીલાલ, “ સ્ત્રી સશક્તિકરણ”, લેટેસ્ટ ફેકટસ ઈન જનરલ નોલેજ, સપ્ટેમ્બર 2009.

(iv) “યુનિસેફના વૈશ્વિક રિપોર્ટ કાર્ડનું ચોકાવનારું તારણ”, ફૂલછાબ દૈનિક-રાજકોટ, 26 અપ્રિલ, 2016.

(v) ગુજરાત સરકાર ઓફિસિયલ વેબ સાઈટ.